## <u>આંક – ૧ નીચે હુકમ</u>

સદર કામે આરોપી સામે પ્રોહી.એકટની **કલમ–૬૬(૧)બી, ૮૫–૧–૩** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આરોપી ગુના બાબતે પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વૈચ્છિક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે. આરોપીને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતા આરોપીનો કોઇ ગુનાહિત ઇતિહાસ હોવાનું ફલીત થતુ નથી. કેસના સંજોગો, આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઇ તે તમામ હકીકતને નિગાહે લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઇને ધ્યાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ તે તમામ હકીકતની સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઇ ગુના નોંધાયેલા હોય તેવુ હાલ કોઇ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદ વિ. સ્ટેટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતિને ધ્યાને લઇ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ધ્યાને લેતા અને હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવું હોઇ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોઇ ન્યાયના હીતને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

## <u>હુકમ</u>

સદર કેસના આરોપીને મજકુર ગુના સબબ સી.આર.પી.સી.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા) ભરપાઇ કરવાનો હુકમ ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ભરવામાં ઇન્કાર કરે તો વધુ દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

મુદ્દામાલનો અગાઉ જો કોઇ વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા–૧૦.૦૭.૨૦૨૧ ના રોજ લોકઅદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ–૧૦.૦૭.૨૧
સ્થળ–વડોદરા

**(બી.એમ.ગઢીયા)**
એડી.જયુ.મેજી.ફ.ક.,
કોડ નં.જીજે૦૧૧૭૬
વડોદરા.

**પાવતી નં. /૨૦૨૧**
**રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા)**
**તા.૧૦.૦૭.૨૦૨૧**

**નાઝીર**
**ચીફ જયુડી.મેજી.કોર્ટ,વડોદરા.**